જામનગર મહાનગરપાલિકા સંચાલિત

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ – જામનગર

જયુબિલી ગાર્ડન, ફાયર બિલ્ડીંગની બાજુમાં,મહાનગરપાલિકા કમ્પાઉન્ડ

સ્થાપનાવર્ષ:–૦૪–૦૭–૧૯૬૬

Website:-http://npssjamnagar.in Email:--aomsb.jamnagar1@gmail.com ☎ (0288)2676631

મકમ/જફબ/24-25/ 16573-16628 તા. 14/11/2024

પ્રતિ,

(૧) માન. જીલ્લાપ્રાથમિકશિક્ષણાધિકારીશ્રી (સબંધિત)

જીલ્લા શિક્ષણ સમિતિ- તમામ

(૨) માન. શાસનાધિકારીશ્રી ( સબંધિત )

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ – તમામ

વિષય: જીલ્લાફેર બદલી કેમ્પના આયોજનની જાણ કરવા બાબત.

સંદર્ભ : માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગરનાં પત્રક્રમાંક: પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૨૦૨૩-૭૪, તા. ૦૯-૧૧-૨૦૨૪.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ અન્વયે પ્રાથમિક શિક્ષકો માટે જીલ્લા ફેરબદલી કરવા સુચના થઈ આવેલ છે. શિક્ષણ વિભાગનાતા.૧૧-૫-૨૦૨૩નાં બદલી ઠરાવ અને તેમાં થયેલ વખતો વખતનાં સુધારાની જોગવાઈઓ તેમજ રાજ્યની વખતોવખતની સૂચનાઓને ધ્યાને લઈને નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળે અન્ય જીલ્લા / નગરપાલિકામાંથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ –જામનગરમાં આવનાર શિક્ષકો માટે જિલ્લાફેરબદલી કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં આપના જીલ્લા /નગરપાલિકા માંથી આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ મુજબના શિક્ષકશ્રીઓને આપની કક્ષાએથી જરૂરી આધાર પુરાવા સાથે કેમ્પમાં ઉપસ્થિત રહે તે અંગે જાણ કરવા વિનંતી છે .

| જિલ્લાફેરબદલીકેમ્પ | તારીખ | સ્થળ | સમય | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ધોરણ૧થી ૫ (અગ્રીમતા) તેમજ ધોરણ ૧ થી ૫ (એકતરફી) | ૨૦/૧૧/૨૦૨૪ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ - જામનગર | સવારે૧૦-૩૦ કલાકે | |
| ધોરણ ૬ થી ૮ (અગ્રીમતા) તેમજ ધોરણ ૬ થી ૮ (એકતરફી) | ૨૧/૧૧/૨૦૨૪ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ - જામનગર | સવારે ૧૦-૩૦કલાકે | |

બિડાણ :

૧. પરિશિષ્ટ-૧ : જિલ્લાફેર બદલી કેમ્પમાં ઉપસ્થિત રહેવાપાત્ર થતાં ધોરણ ૧ થી ૫ના અગ્રીમતા તેમજ એકતરફી અરજદારોની યાદી

૨. પરિશિષ્ટ-૨ : જિલ્લાફેર બદલી કેમ્પમાં ઉપસ્થિત રહેવાપાત્ર થતાં ધોરણ ૬ થી ૮ના અગ્રીમતા તેમજ એકતરફી અરજદારોની યાદી

૩. પરિશિષ્ટ-૩ : ઉપસ્થિત રહેનાર યાદી મુજબના તમામ અરજદારોએ સાથે લાવવાના જરૂરી પ્રમાણપત્ર તેમજ આધારોની યાદી

નોંધ : બિડાણ મુજબની જરૂરી યાદી જોવા માટેની લીંક : https://www.npssjamnagar.in/jillafer_calllatter.php

શાસનાધિકારી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ

જામનગર

નકલ સાદર રવાના જાણ સારૂં :-

૧) માન, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા. ગાંધીનગર

૨) માન, કમિશ્નરશ્રી, જામનગરમહાનગરપાલિકા

૩) માન.અધ્યક્ષશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, જામનગર

# <u>શિક્ષક અરજદારે રજૂ કરવાનું માહિતી પત્રક</u>

જિલ્લા ફેરબદલીથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ- જામનગરમાં નિમ્ન પ્રાથમિક વિભાગ / ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં આવવા માંગતા શિક્ષક અરજદારએ કેમ્પમાં ઉપસ્થિત થતી વખતે સાથે લઈ આવવાનું માહિતી પત્રક

1. **જિલ્લા ફેરબદલીથી આવનાર કર્મચારીનું પુરૂ નામ :**
2. **આધારકાર્ડ મુજબ નામ તેમજ જન્મતારીખ વર્ષ :**
3. **હોદ્દો તથા વિભાગ નિમ્ન પ્રાથમિક / ઉચ્ચ પ્રાથમિક-અને વિષય :**
4. **હાલની શાળાનું નામ તથા સરનામું :**
5. **હાલનીશાળાનો વિસ્તાર (શહેરી/ ગ્રામ્ય)**
6. **લાયકાત :**
7. **જન્મતારીખ (અંક અને શબ્દમાં) :**
8. **વયનિવૃત્તિમાં કેટલા વર્ષ ખૂટે છે. ?** વર્ષ .............માસ.............દિવસ.............
9. **નોકરીમાં દાખલ તારીખ :**
10. **અરજીની તારીખે પૂર્ણ કરેલ નોકરીના વર્ષ:** વર્ષ .............માસ.............દિવસ.............

    **(એક કરતા વધારે શાળાઓમાં ફરજ બજાવેલ હોય, તો શાળાવાઇઝ**

    **નોકરીનાં વર્ષ દિવસ માસ અલગ અલગ દર્શાવવા.)**

11. **વિદ્યાસહાયક નિયમિત પગારધોરણમાં મુક્યા તારીખ :**
12. **નોકરીમાં દાખલ થયા સમયનો જિલ્લો :**

### પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોકત વિગતો પ્રાથમિક શિક્ષકશ્રી .........................................................પ્રાથિમક શાળા..............................મુકામે...............................તાલુકો ................................ જિલ્લો ........................... માં ફરજ બજાવે છે જેઓનીસેવાપોથી ઉપરથી ખાતરી કરીને દર્શાવેલ છે. જે બરોબર અને સાચી છે.

તારીખ : ................................ સક્ષમ અધિકારીની સહી

સ્થળ : ................................ અને કચેરીનો સિકકો.

## શિક્ષક અરજદારે આધાર પુરાવા માટે સાથે લાવવાના પ્રમાણપત્રો

1. તા.**11-05-2023** ના ઠરાવની જોગવાઈ મુજબનું નિયત નમુનાનું સ્વઘોષણાપત્ર
2. કોઈ ખાતાકીય તપાસ ફોજદારી ગુન્હો અદાલતની કાર્યવાહી, ફરજ મોકુફી,જેવી કોઈ ઘટના બનીનથી. તે અંગેનું તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી / શાસનાધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
3. કોઈ સરકારી લેણું બાકી નથી તે અંગેનું તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી / શાસનાધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
4. ઉચ્ચ પ્રાથમિક શિક્ષક તરીકેનો વિકલ્પ સ્વીકારેલ હોય તો વિકલ્પ હુકમ તથા જે શાળામાં ફરજ બજાવતા હોય તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીનું પ્રમાણપત્ર.
5. આ અગાઉ કોઈપણ પ્રકારે જિલ્લા ફેરબદલીનો લાભ લીધેલ નથી, તે બાબતનું તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
6. છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ.
7. જો કપાતપગારી રજા લીધેલ હોય તો સક્ષમ સતાધિકારીશ્રી દ્વારા પ્રમાણીત કરેલું કપાતપગારી રજા પત્રક.

# અગ્રતાના કિસ્સામાં ઉપરની વિગતના 1 થી 7 ઉપરાંત નીચેનામાંથી લાગુ પડતાં વધારાના આધારો

## 8.વિધવા / વિધુર

8.1વિધવા/વિધુર હોવા અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર

8.2 પતિ / પત્નિનો મરણનો દાખલો.

8.3રેશનકાર્ડની નકલ.

8.4પુન: લગ્ન કરેલ નથી તે બાબતનું સોગંદનામું

8.5 ભરતી દરમ્યાન સ્થળ જિલ્લા પસંદગીમાં વિધવા / વિધુર અગ્રતાનો તેમજ અગ્રતા કેટેગરીની અન્યકોઈ કેટેગરીનો લાભ લીધેલ નથી તે અંગેનું સક્ષમ સતાધિકારીશ્રીનું પ્રમાણપત્ર.

## 9. દિવ્યાંગતા

9.1 40% કરતા વધુ દિવ્યાંગતાની કેટેગરી દર્શાવતું સિવિલ સર્જનનું તાજેતરમાં મેળવેલ પ્રમાણપત્ર.

9.2ભરતી દરમ્યાન સ્થળ જિલ્લા પસંદગીમાં દિવ્યાંગતાની અગ્રતાનો તેમજ અગ્રતા કેટેગરીની અન્યકોઈ કેટેગરીનો લાભ લીધેલ નથી તે અંગેનું સક્ષમ સતાધિકારીશ્રીનું પ્રમાણપત્ર.

## 10. પ્રાથમિક શિક્ષક દંપતિ

10.1લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર.

10.2બદલી માંગનાર શિક્ષકના પતિ / પત્નિ જે શાળામાં ફરજ બજાવતા હોય, તેના મુખ્ય શિક્ષકશ્રીએઆપેલ નિયત નમુનાનું પરિશિષ્ટ-1

10.3ભરતી દરમ્યાન સ્થળ જિલ્લા પસંદગીમાં પ્રાથમિક શિક્ષક દંપતિઅગ્રતાનો તેમજ અગ્રતા કેટેગરીની અન્ય કોઈ કેટેગરીનો લાભ લીધેલ નથી તે અંગેનું સક્ષમ સતાધિકારીશ્રીનું પ્રમાણપત્ર,

## 11. સરકારી નોકરી કરતાં દંપતિ.

11.1 લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર

11.2બદલી માંગનાર શિક્ષકના પતિ / પત્નિ જે કચેરીમાં ફરજ બજાવતા હોય, તે કચેરીના વડાએ આપેલ નિયત નમુનાનું પરિશિષ્ટ-૧

11.3બદલી માગનાર શિક્ષકના પતિ / પત્નિ જે કચેરીમાં નોકરી કરતા હોય, તે ખાતામાં સેવામાં ઓછામાં ઓછી ૩વર્ષની ફરજ પૂર્ણ કરેલ હોય, તેવું કચેરીના વડાએ આપેલ પ્રમાણપત્ર.

11.4ભરતી દરમ્યાન સ્થળ જિલ્લા પસંદગીમાં સરકારી નોકરી કરતાં દંપતિ અગ્રતાનો તેમજ અગ્રતા કેટેગરીની અન્ય કોઈ કેટેગરીનો લાભ લીધેલ નથી તે અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રીનું પ્રમાણપત્ર.

## 12. અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં ફરજ બજાવતાં દંપતિ.

12.1 લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર.

12.2બદલી માંગનાર શિક્ષકના પતિ / પત્નિ જે અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં ફરજ બજાવતા હોય, તે સંસ્થાના વડાએ આપેલ નિયત નમુનાનું પરિશિષ્ટ 1

12.3બદલી માગનાર શિક્ષકના પતિ / પત્નિ જે અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં ફરજ બજાવતા હોય, તેમાં માન્ય ભરતી પ્રક્રિયાથી નિમાયેલા હોય, અને જેમણે ઓછામાં ઓછી ૩ વર્ષની ફરજ પૂર્ણ કરેલ હોય, તે અનુદાનિત શૈક્ષણિક સંસ્થાના વડાએ આપેલ પ્રમાણપત્ર

12.4ભરતી દરમ્યાન સ્થળ જિલ્લા પસંદગીમાં અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં ફરજ બજાવતા દંપતિ અગ્રતાનો તેમજ અગ્રતા કેટેગરીની અન્ય કોઈ કેટેગરીનો લાભ લીધેલ નથી તે અંગેનું સક્ષમ

## 13. વાલ્મિકી સત્તાધિકારીશ્રીનું પ્રમાણપત્ર.

13.1 વાલ્મિકી હોવા અંગેનું સક્ષમ સતાધિકારીશ્રીનું પ્રમાણપત્ર.

13.2 ભરતી દરમ્યાન સ્થળ, જિલ્લા પસંદગીમાં વાલ્મિકી અગ્રતાનો તેમજ અગ્રતા કેટેગરીની અન્ય કોઈ

13.3 કેટેગરીનો લાભ લીધેલ નથી તે અંગેનું સક્ષમ

**મુદા નંબરઃ 7 થી 13 અંગેના લાગુ પડતા વધારાના આધારો પૈકી અમુક અસલઆધારો અગાઉ આ કચેરી ખાતે રજુ કરેલ હોય તો ડોકયુમેન્ટ વેરીફીકેશન વખતે તેમની સ્વપ્રમાણિત ફોટોકોપી બિનચુક રજુ કરવાની રહેશે.ઉપરજણાવ્યા મુજબના તમામ આધારો ઉપર જણાવેલ ક્રમમાં ગોઠવીને લાવવાના રહેશે.**

ધ્યાનમાં રાખવાની બાબતો :-

1) તા.11/05/2023 નાપ્રકરણL(8) મુજબ કેમ્પમાં શાળા પસંદગી ન કરનાર તથા કેમ્પમાં ગેરહાજર રહેનાર ઉમેદવારનો પ્રવર્તતા ક્રમ કાયમી રદ ગણી ત્યારપછીના ઉમેદવારને નિયમ અનુસાર તક આપવામાં આવશે.
2) સદર બદલી કેમ્પમાં ઠરાવની જોગવાઈ અન્વયે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ—જામનગર હસ્તકની શાળાઓમાં ખાલી જગ્યાના બે ગણા કે તેથી વધુ શિક્ષક બોલાવવામાં આવેલ છે. કેમ્પમાં હાજરરહેવાથી જિલ્લા ફેર બદલી મળી જશે તેવું માનવું નહીં જેની દરેક અરજદારે નોંધ લેવી.
3) તા.11/05/2023 નાપ્રકરણL(5) મુજબ જેવર્ષ માટે અરજી કરેલ ત્યારથી જ અગ્રતાયાદીમાટે સમાવેશ કરવામાં આવેલ છે.
4) અગ્રતાના કિસ્સામાં ઉમેદવારો ન મળવાના કારણે બાકીની જગ્યાઓ ઠરાવનીજોગવાઈ મુજબ શ્રેયાનતાના ધોરણે જિલ્લા ફેરબદલીથી ભરવામાં આવશે.
5) જિલ્લા ફેરબદલી માટે પાત્રતા ધરાવતા ઉમેદવારોના કેમ્પ સમયે અસલ આધાર પુરાવાઓની ખરાઈ થયા બાદ જ અગ્રતા કે સ્થળપસંદગીનો લાભ આપવામાં આવશે.
6) જિલ્લા ફેરબદલી કેમ્પ બદલીમાં માત્ર અરજદારને જ પ્રવેશ આપવામાં આવશે.
7) તમામ ખાલી જગ્યાઓ ભરાઈ ગયા બાદ બાકી રહેલા વધારાના ઉમેદવારે પરત જવાનું રહેશે પરંતુતા.11/05/2023નાપ્રકરણL(10) મુજબતેઓનો હકક આગામી કેમ્પ માટે ચાલુ રહેશે.
8) ખાલી જગ્યા કરતા ઠરાવનીજોગવાઈ મુજબ વધારાના ઉમેદવાર બોલાવવામાંઆવેલ હોય જેથી વધારાના ઉમેદવારતરીકેઆપશ્રીનેખાલી જગ્યા ઉપલબ્ધ હશે તો જ જગ્યા પસંદગીની તક આપવામાં આવશે.
9) યાદી મુજબના અરજદારેજિલ્લા ફેરબદલી કેમ્પમાં સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.
10) તા.11/05/2023 નાપ્રકરણG(14) મુજબરજુ કરેલ આધાર પુરાવાઓ ખોટા માલુમ પડશે તો ઠરાવનીજોગવાઈ મુજબની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

નોંધ :– કેમ્પના દિવસે ઉમેદવાર તરફથી રજુ થનાર આધાર પુરાવના લીધે આ યાદીના ક્રમમાં ફેરફાર થવાની શક્યતા રહેલ છે. જેથી આ યાદીના ક્રમને ફાઈનલ ક્રમ ગણવો નહીં.